## ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

## પાઠ – 14 બાબુ વીજળી એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

.....................................................................................................................

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'બાબુ વીજળી' કૃતિના લેખક કોણ છે? ..............................................................

૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જન્મ કયા શહેરમાં થયો હતો? ..............................................

૩. બાબુના સરળ અને સાલસ વ્યક્તિત્વનો પરિચય કયા સાહિત્ય પ્રકારમાં કરાવ્યો છે?

.....................................................................................................................

૪. પોષ મહિનાના છેલ્લા દિવસોમાં હવામાન કેવું હતું?

.....................................................................................................................

૫. રાત્રે જમ્યા પછી લેખક બાબુને ક્યાં મળવા ગયા હતા?

.....................................................................................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

(ચરિત્રનિબંધ, ભવાઈ, વીજળી, શરમ, વાર્તા)

૧. 'બાબુ વીજળી' એક ____________ છે.

૨. બાબુ ગામમાં આવતા ____________ ના ખેલમાં જોડાતો.

૩. બાબુને 'બાબુ ____________' ના હુલામણા નામે ઓળખવામાં આવતો.

૪. બાબુને ભજન ગાવા ખૂબ ગમતા હતા. [ ]

૫. બાબુને ગણિત વિષય પ્રત્યે અણગમો હતો. [ ]

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

બાબુ સાવ સીધોસાદો. કોઈ વાતની પંચાત નહિ. કોઈની કૂથલી નહિ. એકધારું શાંત જીવન. નિશાળે જાય, આવીને કોઈ કામ બતાવે તો કરે, પછી ભજન ગાય, નવરાશના સમયે બાવળની ઝાડીમાંથી બકરી માટે પડ વઢવા જાય કે પછી શેઢે શેઢે ફરી સાંઠીકડાં વીણી લાવે. સાંજે મંદિરમાં જાય, આરતી થાય ત્યારે ઝાલર વગાડે. રાત્રે ભવાઈના ખેલ જોવા જાય. કોઈ વાહનનો અવાજ સાંભળી ગામને પાદર ઊભો રહે, ઘર ભણી દોટ મૂકે. મને મળવા આવે, કવિતા સાંભળે. કવિતા વાંચી સંભળાવવાનું કહે.

૧. બાબુનો સ્વભાવ કેવો હતો?

.....................................................................................................................

૨. બાબુ નિશાળેથી આવ્યા પછી શું કરતો?

.....................................................................................................................

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

૩. બાબુ નવરાશના સમયે શું પ્રવૃત્તિ કરતો?

..................................................................................................................................

૪. બાબુ મંદિરમાં જઈને શું કરતો?

..................................................................................................................................

૫. વાહનનો અવાજ સાંભળી બાબુની શી પ્રતિક્રિયા હતી?

..................................................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

**લાલઘૂમ થઈ જવું: અર્થ:**

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

**વગર મહેનતે કે સહેલાઈથી મળી જતું:**

**એક શબ્દ:**

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

**પ્રવેશ:** **સાલસ:**

**૪. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

**શાંત x ______**

**૫. પાઠમાં વપરાયેલ ઉત્તર ગુજરાતની પ્રાદેશિક બોલીના કોઈપણ બે શબ્દો શોધી તેનો શિષ્ટ ગુજરાતીમાં અર્થ આપો.**

..................................................................................................................................

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. લેખકે બાબુને 'બાબુ વીજળી' એવું નામ શા માટે આપ્યું હશે? પાઠના આધારે તમારું અનુમાન જણાવો.

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

૨. બાબુના ચરિત્રનિબંધ દ્વારા લેખકે ગ્રામજીવનનું કેવું ચિત્ર રજૂ કર્યું છે? ટૂંકમાં વર્ણવો.

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

shikshansagar.com · The king of education · શિક્ષણ સાગર